ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,ગુ.રા. ડો.જીવરાજ મહેતા ભવન

બ્લોક નં-૧૨/૨, ગાંધીનગર.

**" સેન્ટ્રલ સેકટર સ્કીમ ઓફ સ્કોલરશિપ ફોર કોલેજ એન્ડ યુનિ. સ્ટુડન્ટસ " સ્કોલરશિપ યોજના અન્વયે ઓનલાઇન અરજી કરવા બાબત**

**" સેન્ટ્રલ સેકટર સ્કીમ ઓફ સ્કોલરશિપ ફોર કોલેજ એન્ડ યુનિ. સ્ટુડન્ટસ "** યોજના હેઠળ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી માર્ચ-૨૦૧૬ ની વાર્ષિક પરીક્ષામાં સાયન્સ અને સામાન્ય પ્રવાહમાં પ્રથમ પ્રયત્ને ૮૦ કે તેથી વધુ પર્સન્ટાઇલ મેળવનાર વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને આ શિષ્યવૃત્તિનો લાભ કેન્દ્ર સરકારના ધારાધોરણ મુજબ રૂપિયા ૧૦૦૦૦ શિષ્યવૃત્તિમળવાપાત્ર થાય છે.આ શિષ્યવૃતિનો લાભ મેળવવા ઇચ્છતા હોય તે વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓએ તેના માટે ઓન-લાઇન અરજી કરવાની રહેશે. આ શિષ્યવૃતિની ઓન-લાઇન અરજી કરવા માટે યોજનાનું અરજી ફોર્મ તથા યોજના વિશેની તમામ જાણકારી **National e-Scholarship Portal** **www.scholarships.gov.in** ની વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે.

આ શિષ્યવૃતિની ઓન-લાઇન અરજી ફોર્મમાં ક્ષતિ રહી ન જાય તે માટે ઓન-લાઇન અરજી કરતાં પહેલાં ઉક્ત વેબસાઇટ પર મૂકવામાં આવેલ શિષ્યવૃત્તિની માર્ગદર્શક સૂચનાઓને સંપૂર્ણ વાંચી સમજીને વિદ્યાર્થીઓએ તા.૩૦/૦૯/૨૦૧૬ સુધીમાં ફક્ત ઓન-લાઇન પધ્ધતિથી પૂરતી કાળજી રાખીને અરજી કરવાની રહેશે.ઓન-લાઇન અરજી ફોર્મમાં માહિતી ખોટી ભરી હશે અને અરજીની ચકાસણી દરમિયાન રદ થશે, તો સંબંધિત વિદ્યાર્થી અને વાલીઓની જવાબદારી રહેશે.

માર્ચ-૨૦૧૫ માં જે વિધ્યાર્થી/વિધ્યાર્થીનીઓએ આ શિષ્યવૃતિની યોજના હેઠળ લાભ મેળવેલ છે અને વર્ષ-૨૦૧૬માં રીન્યુઅલ શિષ્યવૃતિ મેળવવા માટે લાયકાત ધરાવતા હોય, એટલે કે જેઓએ તેઓના ડીગ્રીના પ્રથમ વર્ષમાં ૬૦% મેળવેલ હોય અને ૭૫% સંબધિત સંસ્થામાં હાજરી આપેલ હોય, તેઓ તમામને પણ **National e-Scholarship Portal** **www.scholarships.gov.in** ની વેબસાઇટ પર ઓન-લાઇન અરજી ફોર્મ ભરવાનુ રહેશે. ઉક્ત વેબસાઇટ પર મૂકવામાં આવેલ રીન્યુઅલ માટેની શિષ્યવૃત્તિની માર્ગદર્શક સૂચનાઓને સંપૂર્ણ વાંચી સમજીને વિદ્યાર્થીઓએ તા.૩૦/૦૯/૨૦૧૬ સુધીમાં ફક્ત ઓન-લાઇન પધ્ધતિથી પૂરતી કાળજી રાખીને અરજી કરવાની રહેશે.

નોંધ:- આ શિષ્યવૃતિની અરજી ઓન-લાઇન કરવાની રહેશે.આ શિષ્યવૃતિની અરજી ફોર્મ કે કોઇપણ પ્રકારના ડોક્યુમેન્ટ અત્રેની કચેરીમાં સ્વીકારવામાં આવતા નથી જેની નોંધ લેશો.

(એ.જે.શાહ)
ઉચ્ચ શિક્ષણ કમિશનર
ગુ.રા.,ગાંધીનગર